પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : MONDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આગામી પાંચ વર્ષમાં જનજાતિય ક્ષેત્રો માટે બે લાખ કરોડના વિકાસકામો કરાશે.**
2. **કેન્દ્રીય રાજ્યમંત્રી વી. સોમન્નાએ અમદાવાદ રેલવે મથકના પુનઃવિકાસ કાર્યો અને નિર્માણાધીન બુલેટ ટ્રેન મથકનું નિરીક્ષણ કર્યું.**
3. **NCBએ અમદાવાદમાંથી માદક પદાર્થનું ઉત્પાદન કરતી પ્રયોગશાળાનો પર્દાફાશ કર્યો.**
4. **પવિત્ર છઠ પૂજાનો આજે અંતિમ દિવસ – ભગવાન સૂર્યદેવને ઉષા અર્ઘ્ય અર્પણ કરવા વહેલી સવારથી શ્રદ્ધાળુ ઉમટ્યા.**
5. **અમદાવાદમાં 18મી અક્ષય કુમાર ઇન્ટરનેશનલ કુડો ટુર્નામેન્ટનો પ્રારંભ.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CM TRIBAL DEVELOPMENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આગામી પાંચ વર્ષમાં જનજાતીય ક્ષેત્રો માટે બે લાખ કરોડના વિકાસકામો કરાશે. ધરતી આબા ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે છોટા ઉદેપુર ખાતે રાજ્ય કક્ષના કાર્યક્રમમાં તેમણે આ જાહેરાત કરી.

શ્રી પટેલે જણાવ્યું કે આજે આદિવાસી પટ્ટામાં 12 વિજ્ઞાન કોલેજો, બે યુનિવર્સિટી, 12 મેડિકલ કોલેજો અને 57 એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ કાર્યરત છે. તેમણે ઉમેર્યું કે 22 હજાર 500થી વધુ સ્માર્ટ ક્લાસરૂમ તથા 18 હજાર 800થી વધુ વન અધિકાર પત્રો એનાયત કરીને આદિવાસી યુવાનો અને પરિવારોને સશક્ત બનાવવામાં આવ્યા છે.

BYTE: CM BHUPENDRA PATEL

DISTRICT JANJATIY GAURAV DIVAS

રાજયભરમાં ગઇકાલે ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે છોટાઉદેપુરના પાવીજેતપુર ખાતે વન કુટીર પરિસરમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું ખાતમુહૂર્ત કર્યું હતું.

પંચમહાલના સુલિયાત ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સાંસદ પુરુષોત્તમ રૂપાલાના હસ્તે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું.

ભરુચના અંકલેશ્વરમાં કાયદા રાજ્ય મંત્રી કૌશિક વેકરીયા સહિતના મહાનુભાઓએ ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પી રેલીનું પ્રસ્થાન કરાવ્યુ હતું. આ પ્રસંગે શ્રી વેકરીયાએ આદિજાતિના વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

BYTE - KAUSHIK VEKARIA MINISTER OF STATE

નર્મદાનાં રાજપીપળા ખાતે 'જનજાતિય ગૌરવ દિવસ' અંતર્ગત ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શોભાયાત્રા યોજાઈ હતી. આ ઉપરાંત નર્મદા, જુનાગઢ, બોટાદ અને વડોદરા સહિતના જિલ્લાઓમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

V.SOMANNA RAILWAY

કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી વી. સોમન્નાએ અમદાવાદ રેલવે મથકના પુનઃવિકાસ કાર્યો અને નિર્માણાધીન બુલેટ ટ્રેન મથકનું નિરીક્ષણ કર્યું. તેમણે બંને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓ પાસેથી કામોની વર્તમાન સ્થિતિ, બાંધકામ સમયરેખા અને ભવિષ્યની કાર્ય યોજનાઓ અંગે વિગતવાર માહિતી મેળવી.

દરમિયાન, તેમણે મુસાફરોની સુવિધાઓ, અવરજવરની વ્યવસ્થા અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવી રહેલા બાંધકામ કાર્યનો અભ્યાસ કર્યો.

VISHVSHANTI YAGNY

મહેસાણાના વડનગર ખાતે 'વિશ્વશાંતિ મહાયજ્ઞ'ના પાંચમા દિવસે રાજ્ય મંત્રીમંડળના સભ્યો વિશેષ ઉપસ્થિતિ રહ્યાં. જેમાં ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકી, આદિજાતિ વિકાસ રાજ્ય કક્ષા મંત્રી પી. સી. બરંડા અને ખાદી, કુટીર તથા ગ્રામોદ્યોગ વિભાગના રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોરનો સમાવેશ થાય છે. તમામ મંત્રીઓએ મહાયજ્ઞની મહત્તા વિશે માહિતી મેળવી અને લોકોની સુખાકારી, સમૃદ્ધિ અને વિશ્વમાં શાંતિ સ્થપાય તેવી મંગલ કામના સાથે પ્રાર્થના કરી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ વિશેષ કલાકારો દ્વારા રજૂ કરાયેલા ભરતનાટ્યમ, લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળ્યો હતો.

AHM MD LAB

માદકપદાર્થ નિયંત્રણ વિભાગ-**NCB**એ એક વિશેષ અભિયાન હેઠળ અમદાવાદના જુહાપુરામાંથી એક રહેણાંક મકાનના ભોંયરામાં કાર્યરત ગુપ્ત માદક પદાર્થનું ઉત્પાદન કરતી પ્રયોગશાળાનો પર્દાફાશ કર્યો છે. અમદાવાદ પોલીસ સાથેની સંયુક્ત કાર્યવાહીમાં તપાસ ટીમે 130 કિલો રસાયણો, પ્રયોગશાળાના સાધનો અને 27 ગ્રામ શંકાસ્પદ માદક પદાર્થ જપ્ત કર્યો.

આ મામલે એક શખ્સની અટકાયત કરવામાં આવી હોવાનું **NCB** અમદાવાદ ઝોનના નિયામક ઘનશ્યામ સોનીએ જણાવ્યું.

BYTE: GHANSHYAM SONI, DIRECTOR NCB AHMEDABAD

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

CHHATH PUJA

છઠ પૂજાના અંતિમ દિવસે આજે વહેલી સવારથી લોકો ભગવાન સૂર્યદેવને ઉષા અર્ઘ્ય સમર્પિત કરી રહ્યા છે. ધાર્મિક વિધિઓ પૂર્ણ કર્યા બાદ શ્રદ્ધાળુઓ પ્રસાદ આરોગીને ઉપવાસ છોડે છે. રાજ્યભરમાં વસતા ઉત્તર ભારતીયો દ્વારા છઠ પૂજાના ત્રીજા દિવસે ભગવાન સૂર્યને સંધ્યા અર્ઘ્ય અર્પણ કર્યા હતા. અમદાવાદમાં ઇન્દિરાબ્રિજ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહયા હતા.

જામનગરમાં પુજા માટેની વ્યવસ્થાઓને લઈને મહિલા શ્રદ્ધાળુએ ખુશી વ્યક્ત કરી હતી.

BYTE – FEMALE DEVOTEE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના પરકોટા શેરીથી લઈને જુપીટર બીચ ખાતે પુજા માટે હજારો પરિવારો એકત્રિત થયા હતા. વ્રતધારી મહિલાઓ અને પુરુષોએ અસ્તાચળગામી સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરી પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

AKASHVANI - RISING STARS

આકાશવાણી "AIR રાઇઝિંગ સ્ટાર્સ"ની પ્રથમ સિઝન શરૂ કરી રહ્યું છે, જે 30 વર્ષથી ઓછી ઉંમરના યુવા કલાકારો દ્વારા ખાસ સંગીતમય સંગીત સમારોહની દેશવ્યાપી શ્રેણી છે. સંગીત શ્રેણીની પ્રથમ સિઝન આવતીકાલ એટલે કે 17 થી 30 તારીખ દરમિયાન દેશના 26 સ્થળોએ યોજાશે.

આ કોન્સર્ટ યુવા અને ઉભરતા સંગીત કલાકારોને તેમની પ્રતિભા દર્શાવવા અને વિશાળ પ્રેક્ષકો સાથે જોડાવા માટે એક વિશિષ્ટ રાષ્ટ્રીય મંચ પૂરું પાડશે. આકાશવાણીના 90 વર્ષની ઉજવણીના ભાગરૂપે આ પહેલ હાથ ધરવામાં આવી રહી છે, જે પેઢીઓ સુધી સંગીત પ્રતિભાને ઓળખવા અને પ્રોત્સાહન આપવાની તેની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ કોન્સર્ટનું આયોજન અમદાવાદ સહિત આકાશવાણીના 26 મથકો દ્વારા કરવામાં આવશે.

NATIONAL PRESS DAY

આજે રાષ્ટ્રીય પ્રેસ દિવસ છે. આ દિવસ દેશની લોકશાહીને મજબૂત બનાવવામાં સ્વતંત્ર, જવાબદાર અને નૈતિક પ્રેસની મહત્વપૂર્ણ ભૂમિકાનો પુનરોચ્ચાર કરે છે. આ દિવસ 1966માં થયેલી પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના નિમિત્તે ઉજવાય છે.

એક સ્વતંત્ર સંસ્થા તરીકે સ્થાપિત, આ પરિષદની પ્રાથમિક ભૂમિકા એ સુનિશ્ચિત કરવાની છે કે પ્રેસ બાહ્ય પ્રભાવોથી મુક્ત રહીને પત્રકારત્વના ઉચ્ચ ધોરણો જાળવી રાખે. આ વર્ષેની રાષ્ટ્રીય પ્રેસ દિવસ ઉજવણીનો વિષય "પત્રકારત્વ: લોકપ્રિયતાવાદી અથવા જવાબદાર" છે.

સાંભળીએ એક અહેવાલ..

VOICE CAST: HANSINI VAJA

રાષ્ટ્રીય પ્રેસ દિવસ, દેશની લોકશાહીને આકાર આપવામાં પ્રેસની મહત્વપૂર્ણ ભૂમિકાની યાદ અપાવે છે. તેની સ્થાપના થઈ ત્યારથી, પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ પ્રેસ સ્વતંત્રતા જાળવી રાખવા, પત્રકારત્વના ધોરણો જાળવવા અને મીડિયા સામેના પડકારોનો સામનો કરવા માટે અથાક મહેનત કરી છે. મીડિયા નીતિશાસ્ત્ર અને પ્રેસ સલામતી જેવા મુદ્દાઓનો સામનો કરવાથી લઈને ડિજિટલ યુગમાં અનુકૂલન સાધવા સુધી, કાઉન્સિલ જનતાને માહિતી આપવા, શિક્ષિત કરવા અને સશક્ત બનાવવાના તેના મિશનમાં મીડિયાને માર્ગદર્શન અને સમર્થન આપે છે. રાષ્ટ્રીય પ્રેસ દિવસ માત્ર પ્રેસની સિદ્ધિઓની ઉજવણી જ નથી કરતો પરંતુ વધુ જાણકાર અને પારદર્શક સમાજના નિર્માણમાં તે જે જવાબદારી નિભાવે છે તેને પણ મજબૂત બનાવે છે. આનંદ કુમારના અહેવાલ સાથે હંસીની વાજા, આકાશવાણી સમાચાર અમદાવાદ)

KUDO TOURNAMENT

અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 18મી અક્ષય કુમાર ઇન્ટરનેશનલ કુડો ટુર્નામેન્ટનો પ્રારંભ થયો. 19 નવેમ્બર સુધી યોજાનાર આ સ્પર્ધામાં વિવિધ રાજ્યોમાંથી 5 હજાર 400થી વધુ ખેલાડી અને 200થી વધુ રેફરી તથા ટેકનિકલ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

કુડો એક આધુનિક જાપાનીઝ માર્શલ આર્ટ છે, જેમાં કરાટે, જુડો, બોક્સિંગ અને જીયુ-જીત્સુ જેવી વિવિધ લડાઈની કળાઓનો સમન્વય જોવા મળે છે. આ સ્પર્ધાના શુભારંભ પ્રસંગે અભિનેતા અક્ષય કુમારે પોતાના સંબોધનમાં તંદુરસ્તી પર વિશેષ ભાર આપ્યો.

BYTE: AKSHAY KUMAR ACTOR

AHM ORGAN DONATION

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 261મું અંગદાન થયું છે. મૂળ બિહારના 52 વર્ષીય પુરુષ બ્રેઈનડેડ જાહેર થતાં તેમનાં પત્નીએ અંગદાનની સંમતિ આપી હતી. પિતાની વિદાયની વેળાએ ત્રણ નાનાં સંતાનોની ઉપસ્થિતિએ વાતાવરણને ભાવુક બનાવી દીધું હતું.

આ નિર્ણયથી ચાર જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવનની આશા મળી હોવાનું સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું.

PGVCL ISO CERTIFICATE

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ **(PGVCL)** અંતર્ગત કાર્યરત જામનગર રિજનલ સ્ટોર અને જામજોધપુર ડિવિઝનલ સ્ટોરને આંતરરાષ્ટ્રીય ગુણવત્તા વ્યવસ્થાપન ધોરણ **ISO** અને ગ્રાહક ફરિયાદ નિવારણ ધોરણ **ISO** પ્રમાણપત્ર પ્રાપ્ત થયા છે.

આ સન્માનથી જામનગર સર્કલની કામગીરીને નવી ઓળખ મળી છે, જે ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહન પૂરું પાડશે.